**૨૦૨૫-૨૬**

**આ.વિ.પે.યો.**

સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.ડાંગ વન વ્યવસ્થા અને વિકાસ યોજના (૯૬-૨૫૭૫), વિભાગ-૨ (ચાલુ બાબત)

**ગુજરાત સરકાર**

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક**: FED/WRT/e-file/6/2024/3052/M**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: E Sign મુજબ

**વંચાણે લીધા :-**

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને HoFF, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: PCCFO/ACP/e-file/129/2025/1637/Financial Management and Planning

**ઠરાવ**

સને ૨૦૨૫-૨૬ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં ડાંગ વન વ્યવસ્થા અને વિકાસ યોજના (૯૬-૨૫૭૫) વિભાગ-૨ ચાલુ બાબત માટે કુલ રૂ.૪૫.૦૦ કરોડ (અંકે રૂપિયા પીસતાળીસ કરોડ પૂરા) ની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧) થી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક-(૧) થી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળ ચાલુ પ્રકારના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધીન સને ૨૦૨૫-૨૬ના સમગ્ર વર્ષ માટે કુલ રૂ.૪૫.૦૦ કરોડના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**મંજૂર કરેલ રકમ**

આવર્તક :રૂ. ૦૧.૧૭ કરોડ

અનાવર્તક :રૂ. ૪૩.૮૩ કરોડ

**કુલ :રૂ. ૪૫.૦૦ કરોડ**

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **યોજના** | **રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | વન સંરક્ષણની યોજના | ૧૨.૪૯ |
| ૨ | આદિજાતિ કલ્યાણની યોજના | ૯.૭૩ |
| ૩ | ભૂમિ અને ભેજ સંરક્ષણ | ૧૦.૯૨ |
| ૪ | માર્ગ અને મકાન બાંધકામની યોજના | ૧.૪૬ |
| ૫ | સો-મીલ વધઇ | ૦.૫૮ |
| ૬ | વુડ વર્કશોપ વધઇના વિકાસ માટેની યોજના | ૦.૭૪ |
| ૭ | ગ્રાહકો અને ખરીદનારઓએ વન માંથી લાકડાં અને અન્ય પેદાશોની યોજના | ૧.૩૦ |
| ૮ | વૃક્ષો ઉછેરવા માટેનુ મજુરી ખર્ચ | ૬.૬૧ |
| ૯ | મહેકમ (આવર્તક) | ૧.૧૭ |
| | **કુલ** | ૪૫.૦૦ |

૪. આ યોજનાને નીચેની શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. આ યોજનાનો ખર્ચ તા. ૦૧/૦૪/૨૦૨૫ થી કરવાનો રહેશે.
3. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીંય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
4. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
5. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
7. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્રિત કરવાની રહેશે.
9. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
11. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
12. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
13. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
14. C.M. Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
15. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
16. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
17. આ યોજના અન્વયે મંજૂર થયેલ હંગામી તથા આઉટસોર્સના મહેકમને વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.
18. આ કામના ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. કામગીરી/હાથ ધરનાર પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.
20. આ યોજનાના ભાગરૂપે હાથ ધરવાની થતી કાર્યવાહી પૈકી સર્વેક્ષણ, પ્રચાર, પ્રસાર, જાગૃતિના કાર્યક્રમો વગેરે માટે થનાર ખરીદી માટે નિયત પ્રક્રિયા અનુસરવાની રહેશે તથા કાર્યયોજના વહીવટી વિભાગ પાસે મંજુર કરાવીને ખર્ચ કરવાનો રહશે.
21. આ યોજના અંતર્ગત કરવાની થતી કામગીરીમાં વિભાગની અન્ય યોજના સાથે ડુપ્લીકેશન ન થાય તેની તકેદારી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને સબંધિત અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ રાખવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૨૫-૨૬ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેકટર | : | (ગ) ખાસ વિસ્તાર કાયેક્રમો |
| મુખ્યસદર | : | ૨૫૭૫ - અન્ય ખાસ વિસ્તાર કાયેક્રમો |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- ડાંગ જિલ્લો |
| ગૌણ સદર | : | ૩૧૩-વન |
| પેટા સદર | : | (૦૬) ડાંગ વન વ્યવસ્થા અને વિકાસ યોજના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૪/૦૪/૨૦૨૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(હિમાંશુ ગોહિલ)**

ઉપ સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિકાસ અને વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ –વિભાગની વેબસાઇટ પર મૂકવા માટે.

Signature Not Verified

Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025.04.07
13:17:14 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign